Chapter 1

# પ્રકરણ – ૧

# પૂર્વ ભૂમિકા

# પ્રકરણ : ૧ : પૂર્વભૂમિકા

૧. તર્ક, બુદ્ધિ, ઇચ્છાશક્તિ, સ્મૃતિ, ભાષાસામર્થ્ય, સંવેદનશીલતા અને મન જેવી વિવિધ ખાસિયતો મનુષ્યને વિશ્વની પ્રાણીસૃષ્ટિથી ભિન્ન અસ્તિત્વ તરીકે સ્થાપે છે. મનુષ્ય જગત, એનું સંચાલન કરનાર કોઇ અતીન્દ્રિય શક્તિ, પ્રકૃતિનાં અને ચિત્તનાં ગૂઢ રહસ્યો કે કોઇ વિશિષ્ટ સંવેદન વડે, મળતા અનુભવોને ઉકેલવાની અને પ્રસ્તુત કરવાની મથામણ સદીઓથી કરતો રહ્યો છે. આ મથામણોનો આજે શાસ્ત્ર, વિજ્ઞાન અને ટેકનોલોજીના આટઆટલા વિકાસ પછી પણ અંત આવ્યો નથી. મનુષ્ય આજે પણ કોઇ પદાર્થ શું છે? કેમ છે? શા કારણે અસ્તિત્વમાં આવ્યો? શાથી વિલય પામ્યો? કેમ રૂપાંતરણ પામ્યો? પદાર્થ જે સ્વરૂપે છે તે જ સ્વરૂપે શાથી છે? એની અસરો શી છે? એની નિહિત વ્યવસ્થા કેવી છે? એમાં ગૌણ-પ્રધાન તત્ત્વો કયાં છે? - જેવાં અંતહીન પ્રશ્નો ઉકેલવામાં પોતાનાં તમામ ભૌતિક અને આધિભૌતિક ઓજારો લઇને ગૂંથાયો છે. મનુષ્યની આ પ્રવૃત્તિને પરિણામે જ્ઞાન, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કલા, સર્જન, માનવવિદ્યાઓ, અધ્યાત્મ, દર્શન જેવાં ક્ષેત્રો નીપજયાં. એમાં સતત સંમાર્જન અને પરિમાર્જન અદ્યાપિ થતું રહ્યું છે.

મનુષ્યના ભાષિક સામર્થ્યના પરિણામ સ્વરૂપ સાહિત્યકલાનો આવિષ્કાર વિશ્વની તમામ ભાષા અને બોલીમાં નીપજયો. સર્જકે છંદ, લય, અલંકાર જેવી પ્રવિધિઓ અને વિશિષ્ટ વાકયશૈલી દ્વારા પોતાની પ્રતિભાના બળે રોજિંદી વ્યવહારભાષાને સદંતર પલટી નાંખી. કાવ્યની એક નવી વ્યવસ્થા, નવી સૃષ્ટિ સર્જાઇ. આપણા પ્રાચીન આચાર્યોએ कविरेव प्रजापति કહી કવિને સર્જક ગણ્યો, બ્રહ્મા ગણ્યો. આ નવી સૃષ્ટિને જાણવા, પ્રમાણવા અને એનાં ઉચિત ધોરણો ઊભાં કરવાં કાવ્યશાસ્ત્ર રચાયું. કાવ્યશાસ્ત્રમાં સર્જક, કૃતિ અને ભાવક એવાં સર્જનનાં ત્રણે બિંદુ આવરી લેતી વિચારણા રજૂ કરી. સર્જક સંદર્ભે સર્જનપ્રક્રિયા, સર્જકપ્રતિભા, સર્જકકર્મ, સર્જકનો હેતુ, એની શૈલી, એની સ્વકીય અનુભૂતિ

જેવાં વિવધ પ્રશ્નો ચર્ચાયા. કૃતિ સંદર્ભે એની રીતિ, એનાં છંદ, અલંકાર, લય આદિ ઘટકો, કૃતિગત વિશ્વ, કૃતિનો નીતિ કે જીવન સાથેનો સંબંધ, ભાષા, ભાષાનાં આવિષ્કરણો, કૃતિનું સ્વરૂપ જેવાં પ્રશ્નોની ચર્ચા થઇ. તો ભાવક સંદર્ભે રસાનુભૂતિ, કૃતિગત અર્થ, ભાવકના પ્રતિભાવ, કૃતિનો પ્રભાવ જેવા પ્રશ્નો ચર્ચાયા. બદલાતા જીવનસંદર્ભ, અન્ય શાસ્ત્રો તથા કલાના પ્રભાવ અને કવિચેતનાના નોખા આવિષ્કરણરૂપ સર્જાતી નવીન કૃતિઓએ કાવ્યશાસ્ત્રોનાં ઓજારો અને સિદ્ધાંતોને વખતોવખત પડકાર્યા છે. સાધનો ટાંચાં પડતાં નવાં ઓજારો અને સિદ્ધાંતો વિકસ્યા છે. અપર્યાપ્ત અભિગમોને પડતા મૂકી નવી વિચારધારોઓ અને અભિગમો ઘડાયા છે. આ સિદ્ધાંતો પૂરેપૂરા નાશ પામતા નથી. એની અસરો નવા અભિગમ પર ઓછીવત્તી રહે છે. કોઇ સિદ્ધાંતમાં કશુંક ચિરકાલીન તત્ત્વ હોય છે. જેમ કે આનંદવર્ધનનો 'ધ્વનિવિચાર'. આવું ચિરંતન તત્ત્વ ઘણા અભિગમોમાં પ્રચ્છન્ન રીતે રહેલું હોય છે.

૨. ભારતમાં પ્રાચીન ભારતીય સાહિત્યમાં આચાર્યોએ કાવ્ય એટલે શું? કઇ પ્રક્રિયા કે ઘટક કાવ્યત્વ સિદ્ધ કરે છે? કાવ્યમાં રસ કઇ રીતે નિષ્પન્ન થાય છે? કૃતિને પામતી વખતે ભાવકની ચિત્ત સ્થિતિ કેવી હોય છે? જેવા પ્રશ્નોની તલસ્પર્શી છણાવટ કરી છે. પ્રાચીન કાવ્યશાસ્ત્રનો પ્રથમ ઉપલબ્ધ ગ્રંથ ભરત મુનિનું **'નાટ્યશાસ્ત્ર'** છે. ભરત મુનિએ રસનો આવિષ્કાર કેવી રીતે થાય છે તે 'विभावनुभावव्यभिचारि संयोगात् रसनिष्पतिः' સૂત્રમાં કહ્યું છે. વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવ વિશે વિભાવનામૂલક વર્ણન આપી રસનું સ્વરૂપ સમજાવ્યું છે. નાટ્યકૃતિઓને લક્ષ્યમાં રાખીને રજૂ થયેલો આ રસસિદ્ધાંત પછીથી અન્ય સાહિત્ય સ્વરૂપો માટે પણ પ્રમાણભૂત ગણવામાં આવ્યો છે. ભરત મુનિ પછી ભામહ, દંડી, વામન(રીતિવિચાર), આનંદવર્ધન(ધ્વનિવિચાર), અભિનવગુપ્ત, કુન્તક(વક્રોક્તિવિચાર), ક્ષેમેન્દ્ર(ઔચિત્યવિચાર), જગન્નાથ, વિશ્વનાથ જેવા આચાર્યોએ કાવ્યની વિભાવના, એમાં શબ્દ-અર્થનું સહિત્વ, અલંકાર અને એના પ્રકારો, રસ, કાવ્યના ગુણ-દોષ, શબ્દની શક્તિ : અભિધા-લક્ષણા-વ્યંજના, કાવ્યત્વને સિદ્ધ કરતા ઘટકો અને અંગો, સર્જન-ભાવન પ્રક્રિયા જેવા સાહિત્ય વિવેચનના પાયાનાં પ્રશ્નો ચર્ચ્યા છે.

**૩.** ઇ.સ. ૧૦૫૦ થી ૧૮૫૦ સુધીના સમયગાળામાં અપભ્રંશમાંથી ગુજરાતી ભાષા વિકસી અને કોઇ નિશ્ચિત સ્વરૂપ ધારણ કરતી ગઇ. મધ્યકાળના આ સમયમાં પદ, રાસા, ફાગુ, પ્રબંધ, આખ્યાન, પદ્યવાર્તા, ગરબો, ગરબી જેવા ઘણાં સાહિત્યિક સ્વરૂપો ખેડાયાં. મધ્યકાલીન સાહિત્યમાં ઘણી કૃતિઓમાં કવિનાં સર્ગશક્તિ, ભાષાસામાર્થ્ય, રસપ્રવહણ, કથનકળા, સ્વરૂપસિદ્ધિ, છંદ-અલંકાર-કલ્પના-તર્ક જેવી પ્રવિધિઓ, વર્ણનકળા, નાટ્યાત્મકતા, સામગ્રીનું રૂપાંતરણ, સંકલનસામર્થ્ય જેવાં સર્જનાત્મક ઉન્મેષો કવિકર્મના પરિપાકરૂપે મળ્યાં. રાજ્યાશ્રિત અને લોકાશ્રિત સાહિત્યને મૂલવવાનાં, વર્ણવવાનાં કોઇ ઓજારો કે ધોરણો એ સમયે વિકસ્યાં હોવાનાં પ્રમાણો પ્રાપ્ત થયાં નથી. અખાના છપ્પામાં 'જ્ઞાનીને કવિતા ન ગણેશ' કે શામળની પદ્યવાર્તામાં 'કહ્યું કથે તે શાનો કવિ ?', 'સાદી ભાષા સાદી કડી સાદી વાત વિવેક, સાદામાં શિક્ષા કથે તે જ કવિજન એક' જેવી પંક્તિઓમાં કવિ અને કવિતા વિશેનાં ખ્યાલો રજૂ થયા છે. એને પદ્ધતિસરનું વિવેચન ગણી શકાય નહીં.

**૪.** ગુજરાતી ભાષામાં વિવેચનનો આરંભ નર્મદના **'કવિ અને કવિતા'** (ઇ.સ.૧૮૫૮) નિબંધથી થયો છે. નર્મદે **'જોસ્સો'** અને **'તર્કબુદ્ધિ'** એ બે સંપ્રત્યયો દ્વારા કાવ્યસર્જનપ્રક્રિયાનું સ્વરૂપ વર્ણવ્યું છે. નર્મદે કવિસંવેદન, કલ્પના વ્યાપાર અને કવિની આબેહૂબ ચિત્ર પાડવાની શક્તિને કાવ્યત્વ સંદર્ભે સ્વીકારી છે. નર્મદની વિચારણામાં હેઝલિટ, વિશ્વનાથ, અને બેકનના વિચારોનો પ્રભાવ છે. નર્મદ પછીથી પ્રત્યક્ષવિવેચનની શરૂઆત દ્વારા નવલરામે વિવેચનકાર્ય પૂરી ગંભીરતાથી કર્યું. એમણે સ્વતંત્રલેખો, ગ્રંથાવલોકનો અને કવિઓના જીવન-કવન નિમિત્તે પ્રત્યક્ષ અને સૈદ્ધાંતિક બંને પ્રકારે વિવેચન કર્યું. નવલરામે ઊર્મિ તત્ત્વનો શુદ્ધ અને સીધો આવિષ્કાર ઊર્મિકાવ્યમાં સ્વીકાર્યો. નવલકથા અને નાટકમાં કવિસંવેદનના પરલક્ષી સ્વરૂપને સ્વીકારી **'જુસ્સા'**ને બદલે **'રસ'** સંજ્ઞા પ્રયોજી. **'ખંડલહરી'** અને **'અખંડલહરી'** જેવા સંપ્રત્યયો દ્વારા કૃતિની સુશ્લિષ્ટ અખંડ છાપ અને અપરિહાર્યતાને કાવ્યનાં ધોરણ તરીકે સ્વીકાર્યાં. કવિકર્મને પ્રાધાન્ય આપ્યું. વસ્તુસંકલના, પાત્રભેદ, કાર્યગતિ, કૃતિકર્મ, રસબીજ, રસભંગના

કારણો પદ્યત્વ, ગેયત્વ અને કાવ્યત્વ વચ્ચેના ભેદ, કવિ પ્રતિભા જેવા પ્રશ્નો ચર્ચ્યા.

**૫.** યુનિવર્સિટીનું શિક્ષણ પામેલા સાક્ષરયુગના વિવેચકોએ અંગ્રેજી અને સંસ્કૃત કાવ્યશાસ્ત્રના આધારે વિવેચન પ્રવૃત્તિ આગળ ધપાવી. રમણભાઇ નીલકંઠે કાવ્યની ઉત્પત્તિ, કાવ્યનો આનંદ, કાવ્યરચના, કાવ્યના ઘટકઅંશો, કલાવિધાન જેવા પ્રશ્નોની છણાવટ કરી. **'અનુકરણ'**, **'કલ્પના'**, **'ભાવદર્શનરીતિ'**, **'સ્વાનુભવરસિક'**, **'સર્વાનુભવરસિક'** જેવા સંપ્રત્યયોના આધારે કાવ્યસર્જન અને ઊર્મિના આત્મલક્ષી અને પરલક્ષી સ્વરૂપની ચર્ચા કરી. આનંદશંકર ધ્રુવે કવિતાને **'આત્માની કલા'** રૂપે સ્વીકારી. આત્માનાં બુદ્ધિ, હૃદય, કૃતિ અને ધાર્મિકતા : આ બધા ધર્મો કાવ્યોદ્‌ભવની ક્ષણથી કાવ્યમાં પ્રવર્તતા હોય છે. એમણે સ્થૂળવૃત્તિઓના વિલય અને લૌકિક લાગણીના કંઇક રૂપાન્તરને પ્રાધાન્ય આપ્યું. ગોવર્ધનરામ ત્રિપાઠી નવલરામની જીવનકથા નિમિત્તે વિવેચકની સજ્જતા અને કાર્ય વિશે વિચારણા કરે છે. સમીક્ષકમાં અનુકંપા, ગુણ જોવાની દૃષ્ટિ, સર્વતરેહના અનુભવનું ગ્રાહકત્વ, સર્વગ્રાહિતા, સર્વરસિકતા જેવા ગુણો હોવા જોઇએ. એમણે કવિતાના આત્મા તરીકે **'જીવનતત્ત્વબોધ'** અને વિવેચનને **'આનંદની ઉજાણી'** તરીકે સ્વીકાર્યા છે. મણિલાલ નભુભાઇ દ્વિવેદીએ પત્રકારત્વને નિમિત્તે કાવ્ય, નાટક, વાર્તા, રસ જેવા વિષયોની ચર્ચા ગ્રંથાવલોકનના અનુષંગે કરી છે. એમણે હૃદયને આનંદ અને રમણીયતાની અનુભૂતિ કરાવતા, ઉત્તમ કાવ્યમાંથી પ્રગટતો અને વાચ્યાર્થથી ભિન્ન એવા અર્થને કાવ્યની શબ્દશક્તિ કહી છે. એમણે કાવ્યનું સ્વરૂપ, કાવ્યતત્ત્વવિચાર, કવિ પ્રતિભાનું સ્વરૂપ, કવિતા અને સંગીત, કાવ્ય પ્રયોજન, રસતત્ત્વ, કવિકર્મ, કલ્પનાવ્યાપાર, પ્રતિભાશક્તિ, કવિતા અને તત્ત્વજ્ઞાન જેવા પ્રશ્નો ચર્ચ્યા છે.

નરસિંહરાવ દીવેટિયાએ રહસ્યાનુભવ, કલા અને સાહિત્ય, કવિતા અને સંગીત, રસિકકલાઓનું સ્વરૂપ, સૌંદર્યતત્ત્વની વ્યાખ્યા, સૌંદર્યની કોટિઓ જેવા વિવિધ પ્રશ્નો વિશે વિચારણા કરી છે. સર્જકની ભાવના અને કળાકૃતિની સમપ્રમાણતા બંનેને મહત્ત્વ આપ્યું છે. એમણે **'પ્રકટીકરણ'**, **'પરાવૃત્તવ્યાપાર'**, **'અનુપ્રાણન'**,

**'સાધારણીકૃત વ્યાપાર'** જેવા સંપ્રત્યયો પ્રયોજ્યા છે. કાવ્યની ઉત્પત્તિ, કાવ્યનું સ્વરૂપ, કાવ્યના રસ, કલા અને સત્ય, પ્રેરણા, ચિત્તક્ષોભ જેવા પ્રશ્નોની ચર્ચા કરી છે. બળવંતરાય ઠાકોરે કવિતાને **'શબ્દની કળા'** તરીકે સ્વીકારી છે. એમના મતે કવિતા સુસ્પષ્ટ, ઇન્દ્રિયગ્રાહ્ય, કલ્પનામય, ચિત્રમય, વાસ્તવિક, રંગીન, માપસૌષ્ઠવયુક્ત, તેજોમય, પ્રસાદસંપન્ન, હૃદયવેધી, ભવ્ય, ગંભીર, કલ્પનોત્થ, મધુર તથા સુષ્ઠુ હોવી જોઇએ. બળવંતરાયે સર્જનપ્રક્રિયા, કવિ પ્રતિભા, કાવ્ય અને વિવેચન, કાવ્યરૂપ, કાવ્યવિભાવના, વિવેચકની સજ્જતા જેવા વિષયોની છણાવટ કરી છે. એમણે વિચારપ્રધાન કવિતાનો આદર્શ સ્વીકાર્યો અને કાવ્યમાં કલાનું આયોજન, કવિનું વિચારબળ અને ઊંચામાં ઊંચી કલ્પના શક્તિને આવશ્યક ગણી છે. **'અન્યોન્યાશ્રયી'**, **'અન્યોન્યસંપૃક્ત'**, **'કલાસખી'** અને **'શાસ્ત્રસખી'** જેવો કવિતા અને વિવેચન વચ્ચેનો સંબંધ દર્શાવ્યો છે. પંડિત યુગનું વિવેચન સંસ્કૃત અને અંગ્રેજી સાહિત્ય વિચારણાના આધારે ઘડાયું હતું.

**૬.** ગાંધીયુગમાં ગાંધીજીના પ્રભાવે સાહિત્ય માનવતાવાદી, જીવનાભિમુખ અને લોકાભિમુખ બન્યું. ગાંધીયુગની જીવનભાવનાનો પ્રભાવ હોવા છતાં આ તબક્કાના વિવેચકોએ ભારતીય અને પાશ્ચાત્ય સાહિત્ય સિદ્ધાંતોની અસર હેઠળ કવિ પ્રતિભાજન્ય કવિકર્મને કાવ્યના સૌંદર્ય માટે નિયામક તત્ત્વ ગણ્યું. રામનારાયણ પાઠકે ઔચિત્યના સિદ્ધાન્તને કાવ્યમાં સર્વવ્યાપી દૃષ્ટિબિન્દુ અને રસનો નિયામક ગણ્યો છે. એમના મતે ચિત્ત પર સંસ્કાર પાડવા એ કાવ્યનું મુખ્ય પ્રયોજન છે. એમણે **'લાગણીપિંડ'**, **'રહસ્યપિંડ'** સંજ્ઞાઓ આપી. કાવ્યમાં દર્શન વર્ણનનો સમન્વય, ઘનીકરણ, પ્રત્યક્ષીકરણ અને મૂર્તીકરણની પ્રક્રિયા સ્વીકારી છે. એમણે કર્તા, કૃતિ, સાહિત્યનું પ્રમાણભૂત તત્ત્વ, કાવ્યનું ઉપાદાન, જીવનનું દૃષ્ટિબિંદુ, સર્જનવ્યાપાર, કાવ્યાનુભવ, કાવ્યપ્રયોજન જેવા પ્રશ્નો સંદર્ભે વિચારણા રજૂ કરી છે. ઉમાશંકર જોશીએ વિવિધ વિવેચનગ્રંથોમાં કવિ, કાવ્યત્વ, સર્જનપ્રક્રિયા, કળા અને જીવનદર્શન, કળાકૃતિનું અસ્તિત્વ, કૃતિનું સંઘટન, કૃતિની સંરચના, કવિકર્મ, કવિપ્રતિભા જેવા વિષયો પર પોતાના વિચારો રજૂ કર્યા છે. કૃતિ એક અખંડ સ્વાયત્ત કલાપદાર્થ છે અને વિગતોની રસમાં પરિણતિ

વગર કાવ્ય બનતું નથી એમ કહી સ્થૂળ વાસ્તવના સ્થાયી ભાવોમાં થતા રૂપાંતરણની પ્રક્રિયાને મહત્ત્વની ગણી છે. કાવ્યની **'સેન્દ્રિય એકતા'** નો આગ્રહ રાખ્યો છે. રસાનુભવમાં **'તદાકારતા'** અને **'દર્શન'**ના સંપ્રત્યયો સ્વીકાર્યા છે. સુંદરમ્‌ે કૃતિલક્ષી વિવેચનમાં સર્જનપ્રક્રિયા, કવિચિત્ત, કાવ્યબાની, કાવ્યત્વ, જીવનદર્શન, સર્જકતા, કળાનું સત્ય, ઉદાત્તતા જેવા પ્રશ્નો ચર્ચ્યા છે. કાવ્યભાષાને કવિકર્મની કસોટીરૂપ ગણી છે. એમણે સર્જકની શૈલી અને કાવ્યબાની પર પ્રભાવક પરિબળો તરીકે સર્જકના વ્યક્તિત્વ અને યુગચેતનાનો પણ સ્વીકાર કર્યો છે. સુંદરમ્‌ે **'દુર્બોધતા'** સંજ્ઞા સમજાવી તે માટે વાચકની અર્થગ્રહણશક્તિને કારણભૂત ઠેરવી છે. દુર્બોધતાને મર્યાદા ન ગણતાં શૈલી તરીકે સ્થાપી છે.

આ સમયના બીજા વિવેચકોમાં નગીનદાસ પારેખ, રસિકલાલ પરીખ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, ભૃગુરાય અંજારિયા, મનસુખલાલ ઝવેરી, રામપ્રસાદ બક્ષી, જ્યોતીન્દ્ર દવે, વિજયરાય વૈદ્ય, ડોલરરાય માંકડ, વિશ્વનાથ ભટ્ટ, અનંતરાય રાવળ, સુંદરજી બેટાઈ વગેરેનું મહત્ત્વપૂર્ણ યોગદાન છે. આ વિવેચકોએ ભારતીયકાવ્યશાસ્ત્ર, અંગ્રેજી સાહિત્યના કાવ્યશાસ્ત્રનો આધાર લીધો હતો. મહત્ત્વની યુરોપીય વિચારણાના પ્રભાવો ઝિલાવાનાં શરૂ થઈ ગયાં હતાં. પણ એનાથી વિવેચન પદ્ધતિ અને સ્વરૂપમાં કોઈ મૂળભૂત ફેરફારો આવ્યા નહીં.

**૭.** ઉમાશંકર જોશીના કાવ્ય 'છિન્ન ભિન્ન છું', પ્રિયકાન્ત મણિયારના કાવ્યસંગ્રહ 'પ્રતીક' અને નિરંજન ભગતનાં નગરકાવ્યોએ આધુનિકતાનો ઉન્મેષ દાખવ્યો. ગુજરાતી વિવેચન મહદંશે છાપગ્રાહી લખાણો અને રુચિસંગત પ્રતિભાવો આપતું હતું. આ સમયે સુરેશ જોષીએ સમકાલીન સર્જન-વિવેચન પ્રવૃત્તિ સામે તીવ્ર વિરોધનો સૂર પ્રગટ કર્યો. પશ્ચિમના વિવિધ વાદ, વિચારણા અને સિદ્ધાંતોના અનુવાદો, દોહનરૂપ વિચારણા દ્વારા તથા તે અનુસાર સર્જાયેલી પ્રયોગશીલ કૃતિઓ દ્વારા ગુજરાતી સાહિત્યમાં નવો વળાંક આવ્યો. આધુનિકતાવાદી કળાસંદર્ભ અને સાહિત્યસંદર્ભની નવી આબોહવા રચાઈ. ગુજરાતી સાહિત્યકારો વિશ્વભરની નવીન ઉન્મેષો દાખવતી ચેતના સાથે

સંકળાયા. સુરેશ જોષી ઉપરાંત સુમન શાહ, ચન્દ્રકાન્ત ટોપીવાળા, શિરીષ પંચાલ, સિતાંશુ યશશ્ચંદ્ર, પ્રમોદકુમાર પટેલ, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, દિગીશ મહેતા, જયંત પારેખ, રસિક શાહ જેવા વિવેચકોએ સૈદ્ધાંતિક અને પ્રત્યક્ષવિવેચનમાં આધુનિકતાવાદી અભિગમોનો સ્વીકાર કર્યો. આ તબક્કે વિવેચકોએ સર્જનપ્રક્રિયા, કળાનું સ્વરૂપ, કૃતિ, કૃતિગતવિશ્વ, કળાનું નિષ્પ્રયોજન, વિવેચકનાં સજ્જતા-વસ્તુલક્ષિતા-વિવેક-તટસ્થતા અને ભૂમિકા, કાવ્યભાષા, વ્યવહારઅનુભવ અને રસાનુભવ, કળાની સ્વાયત્તતા, પ્રતીક, કલ્પન, પુરાકલ્પન, કવિકર્મ, કૃતિની સંરચના જેવા વિવિધ પ્રશ્નોની છણાવટ કરી. નવ્ય વિવેચન, રશિયન સ્વરૂપવાદ, પરાવાસ્તવવાદ, પ્રતીકવાદ, અમૂર્તવાદ, સંસર્જનાત્મક વ્યાકરણ, શૈલીવિજ્ઞાન, અસ્તિત્વવાદ, સંરચનાવાદ, અને અનુસંરચનાવાદ જેવા અભિગમો સિદ્ધાંત અને પ્રત્યક્ષ વિવેચનમાં પ્રયોજાયા. આ વિચારણાનાં ગૃહીતોમાં કૃતિની સ્વાયત્તતાનો ખ્યાલ, સામગ્રીના રૂપાંતરણનો ખ્યાલ, ભાષાનું માધ્યમ લેખે પ્રયોજન, વ્યવહારભાષાથી કાવ્યભાષાની પૃથકતાનો ખ્યાલ, વૈજ્ઞાનિકતા અને શાસ્ત્રીયતાના ખ્યાલો મુખ્ય હતા. વિવેચનની પરિપાટી બદલાતાં એમાં કાવ્યભાષા, કૃતિગત સંરચના, કૃતિના સંદર્ભગત અર્થ, રૂપનિર્મિતિ સિદ્ધ કરતા ઘટકો, સર્જકકર્મ, કલ્પન-પ્રતીક- છંદ-અલંકાર જેવી પ્રવિધિઓ વગેરેની કૃતિસંદર્ભે તપાસ કરવાની પદ્ધતિ સ્વીકૃત બની. કૃતિમાં સામગ્રીનું આકાર દ્વારા પૂરેપૂરું નિગરણ થાય છે અને કવિએ રચેલું આ અપૂર્વ રૂપ અને અનોખું સંવિધાન કાવ્યનો સાચો અર્થ છે, એમ સ્વીકારાયું. સામગ્રીના રૂપાંતરણ અને સંસ્કરણ વડે માધ્યમની શક્યતા, અપૂર્વતા, ભાષાના પુનર્વિધાન અને સંકેતની અપરિમેયતાનો આ તબક્કાની વિવેચન પ્રવૃત્તિએ પુરસ્કાર કર્યો. વિવેચનના નિયામકતત્ત્વ તરીકે કૃતિની સ્થાપના કરી.

સુરેશ જોષીએ વિવિધ લેખો, પુસ્તકો, સામયિકો, સંપાદનો અને અનુવાદો દ્વારા આધુનિકતાવાદી વિચારસરણીને સિદ્ધાંત અને પ્રત્યક્ષ વિવેચનમાં પ્રભાવક પરિણામો ઉપજાવી શકે તે રીતે દઢ કરી. એમણે રૂપનિર્મિતિના વિભાવને સ્વીકારી કવિ સામગ્રીમાંથી કઇ રીતે રૂપ-આકાર સર્જે છે, તે પ્રક્રિયાને પ્રાધાન્ય આપ્યું. નવલકથા, ટૂંકીવાર્તા, કાવ્ય, નિબંધ જેવા સ્વરૂપોમાં આ સિદ્ધાંતને

અનુસરી સર્જન કર્યું અને રૂપની મહત્તા સ્થાપી: સુરેશ જોષી દ્વારા સ્થપાયેલી આધુનિકતાવાદી નવી વિચારધારાને કારણે ગુજરાતી સાહિત્યમાં સર્જન-વિવેચનની દિશા બદલાઇ. આદિલ મનસૂરી, સુમન શાહ, સિતાંશુ યશશ્ચંદ્ર, રાવજી પટેલ, લાભશંકર ઠાકર, મધુ રાય, ચિનુ મોદી જેવા સર્જકોએ કાવ્ય, નવલકથા, ટૂંકીવાર્તા, નાટક જેવાં વિવિધ સ્વરૂપોને આત્યંતિક પ્રયોગશીલતાથી ખેડયાં. તો સમકાલીન વિવેચકોએ વિવિધ વાદ અને અભિગમોનાં ઓજારો સાથે પૃથક્કરણાત્મક, વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય ઢબે વિવેચન કરવાનો પુરુષાર્થ કર્યો. સુમન શાહે સિદ્ધાંત ચર્ચાની સાથે સાથે ટૂંકીવાર્તા, નવલકથા એ કથાસાહિત્યનું વિવેચન આધુનિક પદ્ધતિએ કૃતિનાં ઘટકોની રૂપમાં પરિણતિ, કવિકર્મ અને ભાષા સંદર્ભે કર્યું. શિરીષ પંચાલની વિવેચન પ્રવૃત્તિમાં સિદ્ધાંત તરફી ઝોક વધુ રહ્યો. નવલકથા વિશે સ્વરૂપલક્ષી વિચારણા રજૂ કરી. હાલમાં 'વાત આપણા વિવેચનની' પુસ્તકમાં વિવેચકોની સમગ્ર વિચારણાને આવરી લેતા લેખો આપ્યા છે. એમનું પ્રત્યક્ષ વિવેચનક્ષેત્રે સિદ્ધાંતની તુલનાએ ઘણું ઓછું પ્રદાન છે. સિતાંશુ યશશ્ચંદ્રનો પૂર્વ-પશ્ચિમની વિચારણાને તુલનાત્મક પદ્ધતિએ તપાસવાનો ઉપક્રમ વિશેષ રહ્યો. એ ઉપરાંત સિદ્ધાંતની ચર્ચા કરી છે, પણ પ્રત્યક્ષ વિવેચનક્ષેત્રે એમનું પ્રદાન ઓછું છે. સુરેશ જોષીના તરતના અનુગામીઓમાં ચન્દ્રકાન્ત ટોપીવાળા આ ત્રણ વિવેચકોના સમકાલીન ગણાય. પ્રત્યક્ષ અને સિદ્ધાંત બંને ક્ષેત્રોને સારા એવા પ્રમાણમાં ખેડયાં હોય એવા સુમન શાહ અને ચન્દ્રકાન્ત ટોપીવાળા સમકાલીનો છે. સુમન શાહનું પ્રદાન કથાસાહિત્ય અને ચન્દ્રકાન્ત ટોપીવાળાનું પ્રદાન કાવ્ય સંદર્ભે વિશેષ છે.

૮. ચન્દ્રકાન્ત ટોપીવાળાના વિવેચન સાહિત્યનો અભ્યાસ કરવા પાછળનું મારું મુખ્ય દૃષ્ટિબિંદુ એમણે કરેલા પ્રદાનનું મૂલ્ય દર્શાવવાનું છે. અભ્યાસ અંતર્ગત એમની વિચારણામાંથી જે પ્રશ્નો મને થયા છે તે સહજ રીતે પ્રગટ કર્યા છે. વિવેચકનાં ડિસેમ્બર ૨૦૦૬ સુધીમાં કુલ સત્તર વિવેચન ગ્રંથો પ્રકાશિત થયા છે. દરેક ગ્રંથની ટૂંકી, સામગ્રીલક્ષી માહિતી ભૂમિકામાં રજૂ કરી છે.

**'અપરિચિત अ અપરિચિત ब'** (પ્ર.આ.૧૯૭૫) પુસ્તક સૈદ્ધાન્તિક વિભાગ, કાવ્યસંગ્રહના અવલોકનનો વિભાગ, કાવ્યકૃતિના આસ્વાદનો વિભાગ અને સર્જકલક્ષી એમ ચાર ખંડમાં વિભાજિત છે. આ પુસ્તકની સિદ્ધાંત ચર્ચાનો મોટો ભાગ રશિયન સ્વરૂપવાદી વિચારણાના આધારે કાવ્યભાષાનું સ્વરૂપ પ્રગટ કરે છે. વિવેચકે આધુનિક કવિતાના વ્યાકરણને ભાષા, કવિકર્મ અને રૂપરચનાના આધારે સ્પષ્ટ કર્યું છે. એમણે વિવેચનગ્રંથનાં શીર્ષકોમાં પોતાનું દૃષ્ટિબિન્દુ પ્રગટ થાય એવાં સાભિપ્રાય શીર્ષકો પસંદ કર્યા છે. **'અપરિચિત अ અપરિચિત ब'** પુસ્તકમાં લેખકે સ્વીકારેલો કાવ્યભાષા તરફી અભિગમ સ્પષ્ટ થાય છે. વ્યવહારમાં અર્થની સીધી સંડોવણી છે તેથી વ્યવહારનો अ અને ब પરિચિત છે. કવિ કાવ્યભાષામાં અર્થનું વિલંબન જુદી જુદી પ્રયુક્તિઓ વડે સિદ્ધ કરે છે. કાવ્યભાષાને સંદિગ્ધ રાખી ત્વરિત પ્રત્યાયનને વિલંબમાં નાંખે છે. તેથી કાવ્યમાં પ્રયુક્ત अ અને ब 'અપરિચિત अ અપરિચિત ब' છે. કાવ્યભાષાની પ્રકૃતિ અને વિવેચકનો ભાષાલક્ષી અભિગમ આ શીર્ષકમાં પ્રતિબિંબિત થાય છે.

**'હદપારના હંસ અને આલ્બેટ્રોસ'** (પ્ર.આ.૧૯૭૫ (અપ્રાપ્ય) દ્વિતીય આવૃત્તિ ૨૦૦૨) પુસ્તકમાં, ફ્રેન્ચ પ્રતીકવાદી કવિઓની કાવ્યકૃતિઓના અનુવાદ, વાલેરીનો સર્જકપરિચય અને **'પ્રતીકવાદ'** ની સમજૂતી આપતો અભ્યાસલેખ સમાવિષ્ટ છે. પ્રતીકવાદની ભૂમિકા, ઉદ્ભવ, વિકાસ અને મુખ્ય ગૃહીતો વિશે વિસ્તૃત ચર્ચા કરી છે. વિવેચકે આ પુસ્તકમાં આલ્બેટ્રોસ નામના પંખી વિશેના બોદલેરના એક કાવ્યનો અનુવાદ કર્યો છે. આ પર-દેશી સામગ્રી ધરાવતા પુસ્તકનું નામ તેથી **'હદપારના હંસ અને આલ્બેટ્રોસ'** રાખ્યું છે.

**'મધ્યમાલા'**(પ્ર.આ.૧૯૮૨) પુસ્તકમાં મધ્યકાલીન સાહિત્ય વિશે વિવેચનાત્મક નોંધ કરી છે. જેમાં હેમચન્દ્રાચાર્યના દુહા, નેમિનાથ ચતુષ્પાદિકા જેવી કૃતિઓ અને કબીર, નરસિંહ, મીરાં, દયારામ જેવા મધ્યકાલીન સર્જકોના જીવન અને કવન વિશે નોંધ કરી છે. **'મધ્યમાલા'** પુસ્તકમાં મધ્યકાળની કૃતિ અને સર્જકના મણકાઓને પરોવ્યા છે. તે રીતે આ શીર્ષક સૂચક બને છે.

**'પ્રતિભાષાનું કવચ'**(પ્ર.આ.૧૯૮૪) પુસ્તકમાં આધુનિક કાવ્યકૃતિઓની વૈજ્ઞાનિક ઢબે સંરચનાવાદી અને રૂપરચનાવાદી અભિગમથી તપાસ કરી છે. આ કૃતિઓમાં નરસિંહ મહેતા, કાન્ત, કલાપી, ઉશનસ્, રાજેન્દ્ર શુકલ, રમેશ પારેખ જેવા કવિઓની એક-એક કૃતિ સમાવિષ્ટ છે. કૃતિની તપાસનો અભિગમ વર્ણન-વિશ્લેષણને સાંકળતો વૈજ્ઞાનિક છે. કૃતિ ઇતર સંદર્ભોને અવગણીને કૃતિના ઘટકો, ભાષા, આયોજન, સંરચના અને કવિકર્મની તપાસ કરી છે.

આધુનિક કવિઓએ પૂર્વઆધુનિક કાવ્યોમાં પ્રયોજાયેલી પ્રત્યાયનશીલ ભાષાથી સાવ ઉફરાંટે જઇને પ્રત્યાયન સિવાયની ભાષાની શક્યતાઓ પ્રગટાવવાની નેમ વડે જાહેર ભાષાથી વિરોધે તદ્દન અંગતભાષાનું એટલે કે પ્રતિભાષાનું કવચ તૈયાર કર્યું. વિવેચકે પૂર્વઆધુનિક સમયની કુલ દસ કાવ્યકૃતિઓનું સંરચનાવાદી, ભાષાવિજ્ઞાનલક્ષી અભિગમોથી વિવેચન કર્યું છે. છતાં સાત સૈદ્ધાંતિક લેખોમાં અને છ આધુનિક કૃતિઓના પ્રત્યક્ષ વિવેચનમાં કાવ્યભાષા અને પ્રવિધિઓને કેન્દ્રમાં રાખી છે. તેથી ભાષા તરફી આધુનિક અભિગમ સૂચવતું આ શીર્ષક એની સાભિપ્રાયતા દાખવે છે.

**'સંસર્જનાત્મક કાવ્યવિજ્ઞાન'**(પ્ર.આ.૧૯૮૫, બી.આ.૨૦૦૭) પુસ્તક વિવેચકનો મહાનિબંધ છે. આ મહાનિબંધ ચોમ્સ્કીના સંસર્જનાત્મક ભાષાવિજ્ઞાનના આધારે તૈયાર કરવામાં આવ્યો છે. ચોમ્સ્કીના સિદ્ધાંતોને કાવ્ય વિવેચનની પદ્ધતિ લેખે રજૂ કર્યા છે. આ પુસ્તકના **'તત્ત્વપરીક્ષા'** પ્રકરણમાં કેટલાક કવિઓની આધુનિકતાવાદી રચનાઓને ચોમ્સ્કીના સિદ્ધાંતના આધારે વિચલનની સ્થિતિ સંદર્ભે મૂલવી છે. આ પુસ્તકનું શીર્ષક મહાનિબંધના વિષયને અનુસરે છે.

**'વિવેચનનો વિભાજિત પટ'** (પ્ર.આ.૧૯૯૦) પુસ્તકમાં સિદ્ધાંત અને પ્રત્યક્ષ વિવેચનલેખોનો સમાવેશ કર્યો છે. સિદ્ધાન્તચર્ચામાં એલિયટ, લોત્મન, રોલાં બાર્થ, ઝાક દેરિદા અને મિખાઇલ બખ્તિનની સિદ્ધાન્તચર્ચા, રશિયન સ્વરૂપવાદ, શૈલીવિજ્ઞાન, ધ્વન્યાલોક, અર્થઘટનશાસ્ત્ર જેવા વિવિધ અભિગમો અને પ્રતીકો,

સંવ્યય, બહુવાદ જેવા સંપ્રત્યયોની ચર્ચા કરી છે. પ્રત્યક્ષ વિવેચનમાં દોહો, આખ્યાન, ગરબી, કાવ્ય, નિબંધ, નવલકથા, નવલકથાખંડ, વિવેચન, ટૂંકીવાર્તા જેવા વિવિધ સ્વરૂપોનાં કૃતિલક્ષી વિવેચનો સામેલ છે. એકાધિક અભિગમોના સ્વીકાર સાથે ભાષાની તપાસનો અભિગમ લગભગ દરેક લેખમાં સંકળાયેલો છે. સર્જક, કૃતિ અને ભાવક આ ત્રણ બિંદુઓને અનુલક્ષીને વિવેચનનાં અભિગમો, અને પદ્ધતિઓ અસ્તિત્વમાં આવ્યા છે. આ ત્રણ બિંદુઓને કારણે સર્જાતા વિવિધ અભિગમોથી 'વિવેચનનો વિભાજિત પટ' બને છે. વિવેચકે આ પુસ્તકમાં વિવિધ અભિગમો પ્રયોજયા છે. માત્ર કૃતિ અને ભાષાની તપાસ પરથી વિવિધ અભિગમો અપનાવી કૃતિના અન્યસંદર્ભો અને પરિબળોને સ્વીકારતી વિવેચકની ચેતનાનું Shifting અહીં સૂચવાય છે. આ સંદર્ભે શીર્ષક અર્થવત્ બને છે.

**'ગ્રંથઘટન'**(પ્ર.આ.૧૯૯૪) પુસ્તકમાં ૧૯૭૪ થી ૧૯૯૨ સુધીનાં ગ્રંથાવલોકનોને સમાવ્યાં છે. આ અવલોકનોને કૃતિ પ્રકાશનના વર્ષ અનુસાર ગોઠવ્યાં છે. આ અવલોકનોમાં રૂપરચનાવાદી અભિગમ, સંરચનાવાદી અભિગમ અને અનુઆધુનિકતાના સ્વીકારથી કૃતિના અન્ય સંદર્ભોને પણ સાંકળતો અભિગમ જોઇ શકાય છે. 'ગ્રંથઘટન' વિવિધ પુસ્તકોની સમીક્ષાઓને સમાવે છે. આ બાબત શીર્ષકમાં સૂચક રીતે રજૂ થઇ છે.

**'સુરેશ જોષી'**(પ્ર.આ.૧૯૯૬) પુસ્તકમાં સુરેશ જોષીનું વ્યક્તિત્વ અને સાહિત્યિક છબિ : બંનેને સાંકળ્યાં છે. સર્જકનાં વિવિધ સર્જનાત્મક ઉન્મેષો પ્રસ્થાનો અને ક્ષેત્રોનો પરિચય કરાવ્યો છે. એમની કૃતિઓ વિશે નોંધ કરી છે. સર્જકના જીવન અને કવનને સાંકળી વ્યક્તિત્વની એક સુરેખ છબિ ઉપસાવી છે.

**'અનેકાયન'**(પ્ર.આ.૧૯૮૮) પુસ્તકમાં દેશવિદેશનાં અડતાલીસ કવિઓની કાવ્યકૃતિના અનુવાદો અને એની સમીક્ષાઓ રજૂ કરી છે. કૃતિઓને કવિના ઉચિત પરિપ્રેક્ષ્ય સાથે સાંકળી આપી છે. 'અનેકાયન' પુસ્તકમાં વિશ્વસાહિત્યની કૃતિઓનાં અનુવાદ અને સમીક્ષા છે. તેથી અનેક ભાષાની કૃતિઓ તરફની ગતિ એવા અર્થમાં આ શીર્ષકને સ્વીકારી શકાય.

**'અનુઆધુનિકતાવાદ'**(પ્ર.આ.૧૯૯૯) પુસ્તિકામાં અનુઆધુનિકતાવાદનાં ઉદ્ભવ, વિકાસ પાછળની ભૂમિકા, એનાં વિવિધ પ્રવાહો, મુખ્ય ગૃહીતો જેવી ચર્ચા આવરી લીધી છે. ગુજરાતી સાહિત્યમાં અનુઆધુનિકતાવાદનાં વિભાવના, પરિણામો, અસરો અને પ્રસ્થાનોની ટૂંકી નોંધ કરી છે.

**'નાનાવિધ'**(પ્ર.આ.૧૯૯૯) પુસ્તકમાં વિશ્વસાહિત્યમાં પ્રવર્તમાન સિદ્ધાંતલક્ષી લઘુલેખો સંકલિત છે. આ લઘુલેખો વિચારોત્તેજક ભૂમિકા પૂરી પાડે છે અને વિશ્વસાહિત્યનાં પલટાતાં વહેણોની માહિતી આપે છે. 'નાનાવિધ'નો અર્થ અનેક પ્રકારનું એમ થાય છે. વિવિધ વિષયસામગ્રી ધરાવતા આ ગ્રંથનું શીર્ષક સૂચક છે.

**'સાહિત્યના ઇતિહાસની અભિધારણા'**(પ્ર.આ.૨૦૦૦)માં વિવેચકે સાહિત્યના ઇતિહાસ અને ઇતિહાસ વિશેની વિચારણાને પૂર્વ અને પશ્ચિમના સંદર્ભે રજૂ કરી છે. ગુજરાતી સાહિત્યના ઇતિહાસો વિશે એક સળંગ નોંધ આપી એને મૂલવ્યાં છે.

**'બહુસંવાદ'**(પ્ર.આ.૨૦૦૧) પુસ્તકમાં સૈદ્ધાંતિક, પ્રત્યક્ષ અને સર્જકલક્ષી વિવેચન લેખો પ્રસ્તુત કર્યા છે. કૃતિના ઉપયુક્ત સંદર્ભોને લક્ષમાં રાખીને આ સંગ્રહમાં વિવેચકે એકાધિક અભિગમોનો સ્વીકાર કર્યો છે. કૃતિમાં અન્ય સંદર્ભોથી ઊભા થતાં પરિમાણો પણ તપાસ્યાં છે. 'બહુસંવાદ' શીર્ષકમાં વિવિધ અભિગમોના સંવાદનો અર્થ સૂચક બને છે. વિવેચકે પોતે આ પુસ્તકને 'વિવેચનનો વિભાજિત પટ'ના અનુગામી પુસ્તક તરીકે ઓળખાવ્યું છે. તે પુસ્તકના શીર્ષકમાં અભિગમોના વિવિધ પટ દર્શાવ્યા છે અને આ પુસ્તકના શીર્ષકમાં એ પટ વચ્ચેનો સંવાદ સૂચવ્યો છે, 'બહુસંવાદ'નાં સૈદ્ધાંતિક અને પ્રત્યક્ષ લેખોમાંથી પસાર થતાં આ સંવાદની પ્રતીતિ થાય છે.

**'દલપતરામ'**(પ્ર.આ.૨૦૦૨) પુસ્તિકામાં દલપતરામનાં વ્યક્તિત્વ અને સર્જન બંને પાસાંને તેમના સમયસંદર્ભે ઉપસાવી આપ્યાં છે. મધ્યકાળ, વ્રજભાષાની

પરંપરા સાથેના અને સુધારાવાદી અર્વાચીનકાળ સાથેના દલપતરામના વિનીત અનુસંધાનને કારણે વિવેચકે એમને અર્વાચીનોમાં અગ્રેસર ગણી સ્વીકાર્યા છે. દલપતરામના ગદ્ય-પદ્યને નવેસરથી મૂલવી એમની કેટલીક પ્રતિનિધિ કાવ્યકૃતિઓને આ પુસ્તકમાં રજૂ કરી છે.

**'રચનાવલી'**(પ્ર.આ.૨૦૦૨) પુસ્તકમાં ગુજરાતી, ભારતીય અને વિશ્વસાહિત્યની બસો અઢાર જેટલી રચનાઓનો સમાવેશ કર્યો છે. કૃતિ વિશેની ટૂંકી નોંધમાં સર્જકપરિચય, કૃતિનો ટૂંક સાર અને વિશેષતાઓ દર્શાવ્યાં છે. કૃતિનો પ્રાથમિક પરિચય આપતા આ પુસ્તકને સાહિત્યિકકૃતિઓ વિશે માહિતી આપતા કોશનો આકાર મળ્યો છે. 'આવલી'નો અર્થ હાર, પંક્તિ કે પરંપરા થાય છે. 'રચનાવલી' શીર્ષકમાં રચનાઓની હાર કે પરંપરાના સૂચિતાર્થોને સામગ્રી સાથે અનુસંધાન કેળવતા જોઇ શકાય.

**'સહવર્તી/પરિવર્તી'**(પ્ર.આ.૨૦૦૪)માં સૈદ્ધાન્તિક વિવેચન, પ્રત્યક્ષવિવેચન અને સર્જકલક્ષી વિવેચનનો સમાવેશ કર્યો છે. સામાસિક શબ્દમાં 'વર્તી' નો અર્થ 'હોવું' એવો થાય છે. સહવર્તી એટલે સાથે હોવું, અને પરિવર્તી એટલે ચારે તરફ હોવું. કૃતિની સાથેના અને ચારે તરફના સંદર્ભોને સમાવી લેવાની વિવેચકની નવી ભૂમિકાનો ખ્યાલ આ શીર્ષકમાં સૂચવાય છે. સંગ્રહના ઘણાં લેખો આ રીતે કૃતિને સંદર્ભસાપેક્ષ અને સંદર્ભનિરપેક્ષ એ બંને ભૂમિકાએ સ્વીકારે છે.

**'અછાંદસમીમાંસા'**(પ્ર.આ.૨૦૦૬) પુસ્તકમાં અછાંદસ કાવ્યનું સ્વરૂપ સ્પષ્ટ કરવા માટે અછાંદસની સિદ્ધાંતલક્ષી ચર્ચા અને પચ્ચીસ કાવ્યકૃતિઓની પ્રત્યક્ષ વિવેચના રજૂ કરી છે. વિવેચકે અછાંદસ કાવ્ય વિશેનાં ધોરણો સ્થાપવાનો અને શીર્ષકમાં સૂચવ્યા મુજબ અછાંદસનું કાવ્યશાસ્ત્ર ઊભું કરવાનો પ્રયત્ન કર્યો છે.

**૯.** મેં વિવેચકના આ સત્તર વિવેચન ગ્રંથોના વિપુલ રાશિનો વ્યવસ્થિત અભ્યાસ કરવા માટે એમાં સમાવિષ્ટ લેખોને સૈદ્ધાંતિકવિવેચન, પ્રત્યક્ષવિવેચન, સંશોધન અને સંપાદન તથા સર્જકલક્ષી, વાદલક્ષી અને પ્રકીર્ણ એવા પ્રકરણોમાં વિભાજિત

કર્યા છે. આ વિભાગ અનુસાર મારા શોધનિબંધના પ્રકરણોનું આયોજન કર્યું છે. પ્રકરણોના આવશ્યકતા અનુસાર પેટાવિભાગો પાડયા છે. દરેક વિભાગમાં લેખોને મોટેભાગે સમયાનુક્રમે તપાસ્યા છે. લગભગ દરેક સૈદ્ધાંતિક લેખનો કેન્દ્રીય વિચાર સ્પષ્ટ કરી એમાં વિવેચકનાં ભૂમિકા, પદ્ધતિ, ભાષા અને દષ્ટિબિંદુ વિશે વર્ણનાત્મક પદ્ધતિએ નોંધ કરી છે. પ્રત્યક્ષ વિવેચનમાં પણ લેખોને મોટેભાગે સમયાનુક્રમમાં તપાસ્યાં છે. કેટલાંક લેખોને જૂથમાં સાંકળીને તપાસ્યાં છે. સંપાદન, વાદલક્ષી, સર્જકલક્ષી અને પ્રકીર્ણ વિભાગનાં લેખોમાં પણ સ્વતંત્ર અને જરૂર જણાય ત્યાં જૂથમાં એમ અવલોકનની દ્વિવિધ પદ્ધતિ અપનાવી છે. આ પદ્ધતિને કારણે વિવેચકના લગભગ દરેક લેખનો સઘન અભ્યાસ કરી એમાંથી તારણો સ્વરૂપે નોંધ તારવવાનું શક્ય બન્યું છે. આ તારણોના આધારે વિવેચકની ઉત્ક્રાંત થતી વિવેચન ચેતનાના સ્થિત્યંતરો નોંધ્યાં છે. વિવેચક વિશેનાં અન્ય સમીક્ષકોનાં ઉપલબ્ધ થયેલાં સમીક્ષાત્મક લેખોને પ્રકરણમાં સમાવ્યાં છે. એ લેખોની ટૂંકી નોંધ કરી અંતે એ વિશે તારણો રજૂ કર્યાં છે. વિવેચકના વિવેચન કાર્યની વર્ણન, વિશ્લેષણ મૂલ્યાંકનની પદ્ધતિથી સમતોલ દૃષ્ટિએ તપાસ કરી છે. તેમાં મારી સંશોધન ભૂમિકા ખાસ કરીને તેમના વિવેચનનું વિત્ત દર્શાવવા તરફી છે. વિવેચકની કળાભાવના પ્રગટપણે કોઇ સ્થાયી કેન્દ્ર દર્શાવતી ન લાગે પણ કૃતિનું સૌંદર્યગ્રહણ અને સૌંદર્ય અભિવ્યક્તિ તેમની વિચારણાનાં મુખ્ય કેન્દ્ર રહ્યાં છે. મારી દૃષ્ટિ એ શબ્દ વડે નિર્મિત સૃષ્ટિનાં કળાની ભૂમિકાએ બહુપરિમાણી સંચલનોને સૂચવવા તે તેમનો કેન્દ્રીય વિવેચનવ્યાપાર રહ્યો છે. એ કેન્દ્રીય વિવેચનવ્યાપારને તેમના મૂલ્યવાન પ્રદાન તરીકે ગૌરવપૂર્ણ ઘટના ગણું છું.